રહ્યો છે. આવ્યુ છે.

### ૨૩ સ્ટોલમાં અવનવી ખાદ્યચીજોના વેચાણ થકી ૯૦ વિદ્યાર્થિનીઓ બની આત્મનિર્ભર

# જૂનાગઢ: સ્વાવલંબી અને આત્મનિર્ભર ભારત અંતર્ગત ઘોડાસરા કોલેજમાં ફૂડ ફેસ્ટિવલ યોજાયો

**આજકાલ પ્રતિનિધિ**
**જૂનાગઢ**

જૂનાગઢમાં પટેલ કેળવણી મંડળ સંચાલિત એમ.એમ ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ફૂડ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મનિર્ભર અને સ્વાવલંબી ભારતના ઉદ્દેશ્યથી થયેલ આયોજનમાં ૨૩ સ્ટોલ રાખવામાં આવ્યા હતા જેમાં ૯૦ વિદ્યાર્થીનીઓએ અવનવી ચીજો બનાવી તેનું વેચાણ કરી આત્મા નિર્ભર બની હતી.

ઘોડાસરા મહિલા કોલેજમાં યોજાયેલા ફૂડ ફેસ્ટિવલ અંગે કોલેજના પ્રિન્સિપાલ ડો દિનેશભાઈ ડઢાણીયાના જણાવ્યા મુજબ કોલેજમાં વિદ્યાર્થીનીઓમા રહેલ કૌશલ્યતા



(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)

વિકસેતે માટે અવનવા કાર્યક્રમ યોજવામાં આવે છે. જે અંતર્ગત આત્મનિર્ભર તથા સ્વાવલંબી ભારતના ઉદ્દેશ્યથી કોલેજમાં ફૂડ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ ફેકલ્ટીની ૯૦ વિદ્યાર્થીનીઓએ કઠોળ ચાટ, દહીપુરી, ખાખરા, બિસ્કીટ, દહીં વડા, આમળાનું જ્યુસ, વેજીટેબલ સેન્ડવીચ, ચણા મસાલા, ભેળ, ચોકલેટ, ભાજી કોન, ડિલાઈટ ડેઝર્ટ, કેક, બદામ શેઈક સહિતની અવનવી ચીજોના ૨૩ સ્ટોલ રાખવામાં આવ્યા હતા અને તમામ ચીજો વિદ્યાર્થીનીઓએ જાતે જ બનાવી તેનું વેચાણ કર્યું હતું. સમગ્ર આયોજન ડો રીટાબેન રાણીંગાના માર્ગદર્શન નીચે થયું હતું. કાર્યક્રમનું ઉદઘાટન પટેલ કેળવણી મંડળના પ્રમુખ સીએ સવજીભાઈ મેનપરા અને રતિભાઈ મારડિયા સહિતના હોદ્દેદારોના હસ્તે કરવામાં આવ્યું હતું. કોલેજના હોદ્દેદારોએ પણ વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયેલ ચીજો આરોગી સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અવનવી ચીજોના વેચાણ થકી વિદ્યાર્થીનીઓ આત્મનિર્ભર બની હતી. વિદ્યાર્થીનીઓમાં રહેલ કૌશલ્યતા વિકસે તે માટે યોજાયેલ ફૂડ ફેસ્ટિવલ ના આયોજન બદલ પટેલ કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ ફળદુ, પ્રમુખ સી એ સવજીભાઈ મેનપરા અને કોલેજ કમિટીના ઈન્ચાર્જ રતિભાઈ ભુવાએ અભિનંદન આપ્યા હતા.